# કેટલીક, પણ નોંધપાત્ર વાર્તાકૃતિઓ... | રાધેશ્યામ શર્મા

[**'અહા, કેટલી સુંદર !'** : લે. રજનીકુમાર પંડ્યા, પ્ર. ભારતી ર. દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદ-૯, આવૃત્તિ : ૨૦૦૬, પૃ. ૧૫૧, કિં. રૂ. ૮૦/-]

વાર્તાસંગ્રહનું 'આસ્વાદલક્ષી ગ્રન્થાવલોકન' કરવું હોય તો કેટલીક સુંદર કે અન્યથા નોંધપાત્ર વાર્તાકૃતિઓ વિશે વાર્તિક અર્પી શકાય. 'અહા, કેટલી સુંદર !' સંગ્રહના વાર્તાકાર રજનીકુમાર પંડ્યાના પૂર્વપ્રકાશિત વાર્તાસંચયોમાં બે મહત્ત્વના હતા 'ખલેલ' અને 'ચંદ્રદાહ.' એ પછી ગુ. સા. પરિષદે પ્રકટ કરેલો આ ત્રીજો સંગ્રહ લેખકની ૨૦ (વીસ) વાર્તાઓ લઈ આવ્યો છે. રજનીકુમારની સંગ્રહસ્થ વાર્તાઓ વાંચતાં-વાંચતાં આ લખનારને લાદિમિર નાબોકોવનું વિધાન અવિરત યાદ આવ્યા કર્યું :

Derivative writers seem versaitile because they imitate many others, past and present. Artistic ariginality has only itself to copy.

સુરેશ જોષી, ચંદ્રકાન્ત બક્ષી કે પંડ્યાને પ્રિય મહમ્મદ માંકડ જેવા વ્યતીત યા વર્તમાન સર્જકોના અનુકરણમાંથી મુક્ત રહી રજનીકુમાર પોતે રચેલી સડક પર ચાલ્યા છે. તે અન્યપ્રભાવિત કરતાં આત્મપ્રભાવિત વધુ છે. એમનું વતન ત્યાંની જીવંત તળપદી ભાષા, પાત્રો, છાપામાં આવતી ઘટનાઓ અને નિજી જીવનને સ્પર્શીને ઝમેલા પ્રસંગો – આ સકલ સામગ્રીને કળથી, કળાથી અને કસબથી ક્યારેક ટૂંકી, ક્યારેક લાંબી કથાઓમાં રૂપાન્તરિત કરવામાં લેખક લગભગ ફાવ્યા છે. સિનેમાલાઇન સાથે લેખકનો ઘરોબો ડોકિયાં કરે જ છે પણ એવા નિરૂપણને સાવ ફિ-લ-મી નહીં કહેવાય. ચરિત્રોનાં વાણી-વર્તનના બાહ્ય આવિષ્કારોમાં, જે તે પાત્રોનાં આંતરિક ચલનવલનની સંકુલતા દર્શાવવામાં વાર્તાકાર કુશળ છે. ટૂંકમાં જોઈએ...

છેલ્લેથી તપાસ શરૂ કરીએ તો 'સમડી' નામની ૧૯ પાનાંની લાંબી વા-ર-તા, લેખકે એમના લેખનકાળની 'સાવ શરૂઆતની વાર્તા એક નમૂના લેખે' મૂકી છે એમાં કોઈએ મોહ-પ્રદર્શનવૃત્તિ દેખાય, પણ હકીકતે પ્રારમ્ભકાળની મુગ્ધતાનો પ્રામાણિક હિસાબ આપવાની દાનત છે. આ નમૂનો, લાશના અસ્તર સાથે ભેદભરમ પીરસતી અને બિમલ રૉયના દિલીપ – દેવદાસની યાદ દેતા નાયકની મનોદશાને અનુ-કરતી લોકારાધનક્ષમ કથા છે.

'અહા, કેટલી સુંદર !' કથામાં જયાના પત્રને મધ્યમાં રાખવાની રીતિ સાથે અંતે જયાના સામાન્ય રૂપને, સ્વરૂપમુગ્ધ મોહિતભાઈએ 'સુંદર' વિશેષણ 'અહા' ભાવથી સ્વીકારવું પડે – એવી રચના વિધિવક્રતાને પ્રસ્તુત કરી શકી છે. આના કરતાં 'પેટપછાડ' સંગ્રહની ધ્યાનાર્હ રચના છે. કેરોસીનની એજન્સી ધરાવતા બાપની પછાતો સામેની નફરત વિરુદ્ધ એમનો જ દીકરો (પેટપછાડ રૂપે ?) સૂંડલાવાળી કોમની સુધી સાથે પરણીને જુદો થતાં બાપનો ધંધો પુત્ર મોહનના ખોળામાં આવી પડતાં દુર્વાસા બાપે 'ભાગીદારી'ની યાચના માટે દીકરા પાસે જવું પડે છે. પછાતનું મહિમાગાન કર્યા વગર ધારદાર ચરિત્ર લેખનથી વસ્તુસ્થિત કરુણને શબ્દસ્થ કર્યો છે. નાયક મોહનનું સ્નેહપાત્ર સુધા સાથેનું એક વર્ણન કર્તાની નિરીક્ષણશક્તિનો આસ્વાદ્ય અંશ જુઓ :

> 'બોલતી વખતે હથેળીમાંથી સીંગનાં ફોતરાં ઉડાડે એમ બસ, ભખી જ નાખેલું. પણ એનું આટલું બધું વજન ! એણે જોયું કે ઝક્કડથી સુધીએ સાઇકલની સીટ થામી લીધી હતી. એના પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં, છેક બ્લાઉઝની કિનારી સુધી. ગળાની નસો તંગ થઈ ગઈ હતી. હૈડિયા પરથી ઊભાં બે સળી જેવાં હાડકાં ઊપસી આવ્યાં. ઝીણી ઝીણી બિંદી ચહેરા પર પણ બાઝી ગઈ. ધારો તો નજરની લીટીને અડકી શકાય એટલી બધી સીધી તીખી નજર : 'સાચીન કે છો ?' (પૃ. ૧૧)

'કંપ' વાર્તામાં પણ ઉજળિયાત વર્ણના નાયક માટે ઉપલી વર્ણની તેમજ નીચલી કોમની એમ બંને સ્ત્રીઓના માનસનું પૂરક અને વિરોધક વર્ણન રસપ્રદ થયું છે. 'હરદીપ' નામનો સસ્પેન્સ સુજ્ઞને ખબર પડી જાય પણ રચનાન્તે 'આન્ટી'ના હાથનો કંપ ભાવક અનુભવી શકશે. 'પેટપછાડ'માં જેમ પુત્ર છે તો 'નરકમાંથી ઉગારનાર' વાર્તામાં મેઘાણીની લેખિનીમાંથી સ્રવેલી તેજસ્વી નાયિકા એક ડૉક્ટરની આગળ પેશ થાય છે રજનીબ્રાન્ડની આધુનિકા રૂપે. તે પતિની પુત્રોત્પાદક મર્યાદાને અંડોળી, અન્ય પુરુષ સાથે પુત્રોત્પત્તિ પૂરતું જ સંભોગસુખ (?) મેળવવાની અસાધારણ નીતિવિધિ અખત્યાર કરે છે એનું આલેખન કથામાં 'કન્વિન્સિંગ' છે.

વાર્તાકારને પુત્રોના-ભાઈઓના ચરિત્રોમાં અધિક રુચિ હોય એવું, ઉપરની બે વાર્તાઓથી અને ત્રીજી 'વારસદાર'થી લાગશે. 'વારસદાર'માં મિલકત માટે સગી વિધવા ભાભીને છેતરીને ગુંડાગર્દી કરતા પુત્ર અશ્વિનને ગોઠવી દેવાના કૌટુંબિક કાવતરામાં અનુકાન્ત ખૂનના ઇલ્જામમાં જેલ સ્વીકારે છે પણ અંતમાં 'વારસદાર' તો મૃત્યુ પામેલ ભાઈનો જ ગર્ભ એમની પત્નીમાં રોપાયો છે ! નવેળીનો અન્ધકાર કથામાં પ્રતીકાત્મક ક્ષમતા દાખવે છે.

ડોશી બની ચૂકેલી નાયિકાની માનસ-મંજૂષામાંથી એનો પતિ, વૃદ્ધાના પૂર્વ ચાહક પ્રેમીનું લગાવ-સંવેદન 'છેલ્લી બાતમી' વાર્તામાં કઢાવતો બતાવ્યો છે ત્યાં ફ્રેન્ડ પતિની 'મેલ જેલસી' સૂક્ષ્મતાથી છતી થઈ છે. પામે છે શું ? 'કબાટમાંથી હાડપિંજર' જેવું ! 'ગોળના ગડવા સામેથી એક મંકોડો ઊંચી સૂઢે પસાર થઈ ગયો', અને 'બાલ્કની બહાર દરિયા ઉપર નજર દૂર લગી લંબાવી' જેવાં ચિત્રો કેથેરાઇન મેન્સફિલ્ડ કે વર્જિનિયા વુલ્ફની કળાકૃતિઓની સ્મૃતિ ઝંકારી જાય અને સરખાવવાનું પ્રલોભન પણ પ્રેરી જાય. (મંકોડા, લેખકના ખ્યાલમાં 'સમડી'વેળાના લાગે. પૃ. ૧૩૭ પર ટોળે વળેલા માણસોને પણ મંકોડાઓ રૂપે નોંધ્યા છે ! પૃ. ૭૫ પર 'વાપસી' વાર્તામાં પણ મંકોડો ધીરે ધીરે એક છોડ પર ચડતો હોવાનું વર્ણન છે.)

'ટોળી' વાર્તામાં એક દાનવીર સિંધી, જેમના કારણે પૂર્વ ઇતિહાસમાં તે 'નિરાશ્રિત' થયો હતો તેવી મુસ્લિમ કોમને મદ્રેસા માટે જમીન આપી દે છે, હિંદુઓને નહીં ! શાથી ? તો દેખો, 'ત્રીજા વરસ પહેલાં જોયેલી મકાન-ધણિયાણીના ખૂબસૂરત ચહેરાની કુરૂપતા !' હિન્દુ વસ્તીએ જે ના આપ્યું તે કપરા કટોકટીકાળમાં એક મુસલમાને મકાન આપ્યું, એટલું જ નહીં એકધારાં સોળ વરસ વાંધાવચકા વિના પાર પાડી આપેલાં ! 'ટોળી'ની જેમ ટોળું પણ 'બ્રહ્મજ્ઞાન' નામની વાર્તાના આરમ્ભ અને મધ્યમાં લલ્લુભાઈના જીવનવળાંકમાં પરોક્ષ ભાગ ભજવે છે. અન્ત ચોટ-દાર છે. સામાજિક કાર્યકર કુંવારી સૂર્યાબહેનને ગાંધીવ્રતી લલ્લુભાઈ સલુકાઈથી પ્રોપોઝ કરે છે ને અણધારી ઝડપથી સૂર્યા જોરદાર થપ્પડ ઝીંકે, પછીનું વર્ણન પ્રમાણો :

> ''લલ્લુભાઈના મગજમાં અંધારું છવાઈ ગયું. પણ એ અંધારિયા મનમાંય
> એકાએક ગુરુ પ્રગટ્યા ને ખડખડ હસ્યા.
> ટોળુંય પ્રગટ્યું ને વિખેરાઈ ગયું.'' (પૃ. ૮૮)

ડ્રાઇવર અને હુંની ભિન્ન ભિન્ન બાધાલક્ષી પ્રસ્તુતિની ટેક્નિકથી સિદ્ધ કથા 'જાવા દ્યો'

એના વિશિષ્ટ અંતથી નીખરી છે. નાયકના બસપ્રવાસમાં ભેટી જતો ડ્રાઇવર જ નાયકથી ફારગતી પામેલી પત્નીને જોવા-પામવા જતો હોય છે ત્યારે ‘જાવા દ્યો’નું પુનઃ રટણ ધ્રુવપંક્તિ સમું પ્રસરે છે. ‘શી ખબર’ વાર્તામાં શરૂઆત અને છેલ્લે વરસાદી રેલાના વહેણ-વર્ણનથી વિષય સિદ્ધ થયો છે. ‘ધડાકો’માં નાટ્યકાર તિવારી ચુંગી ભરાવવાના આદેશો છોડે ત્યાં ત્યાં આત્મકથાના વળાંક-આંચકાનો અહેસાસ અનુભવાય છે. પણ વાર્તાકાર પ્રોલિફિક કલમબાજ હોવાની આદતના અણસાર પણ જાણ્યે-અજાણ્યે આપે છે. વાચકની ઉત્સુકતાને ચૂંટી ખણી ઉશ્કેરવા જેવું પણ થઈ જાય છે. દા.ત.

“ઉષારાનીથી વાંચતાં વાંચતાં કપાળ પરનો પરસેવો સહજપણે જ લુછાઈ ગયો. જાણતા હતા એટલે ? શું ? શું ? શું ?” (પૃ. ૫૧)

‘ઇન્ટરવ્યૂ’, ‘અદલબદલ’, ‘જીકુભાનો જેજેકાર’, ‘બે છરીની વચ્ચે’, ‘એક પૂંછડાનો ફેર’ વાર્તાઓ, સમકાલીન જીવનતરાહોને અનુલક્ષી ડાબા હાથે પણ લખાય એવી અખબારી આવૃત્તિઓ લાગે. આમાં ‘રાજા બોજ’ જુદી – મધ્યકાલીન આબોહવા લાવનારી કથા છે. ભોજ-બોજનો પ્રાસ તો સમજ્યા પણ પૂતળી જ્યારે ‘રાજન્, આમાં પરિસંવાદ ન કરો, પરાક્રમ ન કરો તો જાણું, જાઓ...’ કહે છે ત્યારે રઘુવીર રંગમાં રજની પણ નિજી પ્ર-ગતિ કરી શકવાના શહૂર દેખાડી શક્યા છે.

રજનીકુમારની ઉપમાઓ માટે – ભલે ઇશ્કે મિજાજી હોય પણ સાધુ-વાદ પાઠવવા પડે. પાત્રપ્રસંગોચિત થોડાંક ઉદાહરણો માણી જુઓ : ‘પણ બન્ને એક એવા બિંદુ પર સંગમ પામતા હતા કે જે બિંદુ – લંગર વગરની નાવ જેવું હતું’ (પૃ. ૪૨). ‘મધુએ એ શબ્દ સાંભળીને બંદૂકની નાળ જેવી નજરે એના ભણી જોયું’ (પૃ. ૬૦). ‘સફેદ વાળના એવા બે લચ્છા બહાર આવી ગયા કે ભાઈબંધો કહે છે – ટૅક્ષીની બે ફુલ હેડલાઇટ’ (પૃ. ૭૯). ‘કાયદો, પાળેલા કૂતરાની જેમ ગુરગુરાટી કરતો બે પગ વચ્ચે માથું નાખીને સૂઈ ગયો’ (પૃ. ૧૧૭). ‘એની જુવાની તેજતડકા જેવી નહીં પણ વાદળિયા તડકા જેવી હતી’ (પૃ. ૪૧). અને છેલ્લે –

“ઝાંપો આખો એક વ્યક્તિની જેમ ઊભો હતો. એમાંય કશું છીનવી શકાય તેમ નહોતું” (પૃ. ૭૬).

વાર્તાકથનની મુદ્રિકામાં જડાઈ ગયેલી આવી ઉપમાઓમાંથી પણ કશું છીનવી ના શકાય...